**13.02.2023** પ્રાતઃમુરલી
ઓમ શાંતિ
બાપદાદા
મધુબન

“ મીઠાં બાળકો - આ ગોડ ફાધરલી વર્લ્ડ યુનિવર્સિટી છે - મનુષ્ય થી દેવતા , નર થી નારાયણ બનવાની , જ્યારે આ નિશ્ચય પાક્કો થાય ત્યારે તમે આ ભણતર ભણી શકો”

પ્રશ્ન :- મનુષ્ય થી દેવતા બનવા માટે આપ બાળકો આ સમયે કઈ મહેનત કરો છો?

ઉત્તર :- આંખો ને ક્રિમિનલ થી સિવિલ (કુદૃષ્ટી થી પવિત્ર દૃષ્ટિ) બનાવવાની, સાથે-સાથે મીઠાં બનવાની. સતયુગમાં તો છે જ બધાંની આંખો સિવિલ. ત્યાં આ મહેનત નથી હોતી. અહીં પતિત શરીર, પતિત દુનિયામાં આપ બાળકો આત્મા ભાઈ-ભાઈ છો - આ નિશ્ચય કરી આંખોને સિવિલ બનાવવાનો પુરુષાર્થ કરી રહ્યાં છો.

પ્રશ્ન :- ભક્તોની કઈ એક વાત થી સર્વવ્યાપી ની વાત ખોટી થઈ જાય છે?

ઉત્તર :- કહે છે હે બાબા જ્યારે તમે આવશો તો અમે તમારા પર વારી જઈશું.... તો આવવાનું સિધ્ધ કરે છે એ અહીંયા નથી.

ઓમ્ શાંતિ ! બાપ રુહાની બાળકોને પૂછે છે કે પોતાનાં આત્મા નાં સ્વધર્મ માં બેઠા છો? આ તો જાણો છો કે એક જ બેહદનાં બાપ છે જેમને સુપ્રીમ (પરમ) રુહ અથવા પરમાત્મા કહે છે. પરમાત્મા છે પણ જરુર. પરમપિતા છે ને. પરમપિતા એટલે પરમાત્મા. આ વાતો આપ બાળકો જ સમજી શકો છો. ૫ હજાર વર્ષ પહેલાં પણ આ જ્ઞાન તમે બધાએ જ સંભળાવ્યું હતું. તમે જાણો છો આત્મા ખૂબ નાનો સૂક્ષ્મ છે, એને આ આંખોથી જોવાતો નથી. એવાં કોઈ મનુષ્ય નહીં હોય જેમણે આત્માને જોયો હશે. હા જોઈ શકાય છે - પરંતુ દિવ્ય દૃષ્ટિ થી અને એ પણ ડ્રામા પ્લાન અનુસાર. ભક્તિમાર્ગ માં પણ આ આંખોથી કોઈ સાક્ષાત્કાર નથી થતો. દિવ્ય દૃષ્ટિ મળે છે, જેનાંથી ચૈતન્યમાં જુએ છે. દિવ્ય દૃષ્ટિ અર્થાત્ ચૈતન્ય માં જોવું. આત્માને જ્ઞાન નાં નેત્ર મળે છે. બાપે સમજાવ્યું છે ખૂબ ભક્તિ કરે છે, જેને નૌધા ભક્તિ કહે છે. જેવી રીતે મીરા ને સાક્ષાત્કાર થયો તો ડાન્સ કરતી હતી. વૈકુંઠ તો એ સમયે નહોતું ને. મીરા ને ૫-૬ સો વર્ષ થયા હશે. જે પાસ્ટ (પહેલાં) થઈ ગયું છે તે દિવ્ય દૃષ્ટિ થી દેખાય છે. હનુમાન, ગણેશ વગેરે નાં ચિત્રોની ખૂબ ભક્તિ કરતા-કરતા એમાં જેમકે લય થઈ જાય છે. ભલે દીદાર (સાક્ષાત્કાર) થશે પરંતુ એનાંથી કોઈ મુક્તિ નથી મળી શકતી. મુક્તિ જીવનમુક્તિ નો રસ્તો બિલકુલ ન્યારો છે. ભારતમાં ભક્તિમાર્ગ માં અસંખ્ય મંદિર હોય છે. ત્યાં શિવલિંગ પણ રાખે છે. કોઈ નાનું બનાવે છે, કોઈ મોટું બનાવે છે. હમણાં તમે સમજો છો જેમ તમે આત્મા છો તેમ એ સુપ્રીમ આત્મા છે. સાઈઝ એક જ છે. કહે પણ છે અમે બધાં બ્રધર્સ (ભાઈઓ) છીએ, આત્માઓ બધાં ભાઈ-ભાઈ છે. બેહદ નાં બાપ એક છે. બાકી બધાં ભાઈ-ભાઈ છે, પાર્ટ ભજવે છે. આ સમજવાની વાતો છે. આ છે જ્ઞાન ની વાતો જે એક જ બાપ સમજાવે છે. જેમને સમજાવે છે તે પછી બીજાઓને સમજાવી શકે છે. પહેલાં-પહેલાં એક જ નિરાકાર બાપ સમજાવે છે. એમનાં માટે જ પછી કહી દે છે સર્વવ્યાપી છે, ઠીકકર-ભિત્તર માં છે. આ તો રાઈટ (સાચ્ચુ) નથી ને. એક તરફ કહે છે બાબા જ્યારે આપ આવશો તો અમે વારી જઈશું. એવું થોડી કહે છે આપ સર્વવ્યાપી છો. કહે છે આપ આવશો તો વારી જઈશું. તો આનો મતલબ અહીંયા નથી ને. મારા તો તમે બીજું ન કોઈ. તો જરુર એમને યાદ કરવા પડે ને. આ બાપ જ બાળકોને સમજાવે છે, આને રુહાની જ્ઞાન કહેવાય છે. આ જે ગવાય છે આત્માઓ પરમાત્મા અલગ રહ્યાં બહુકાળ... એનો હિસાબ પણ સમજાવ્યો છે. લાંબાકાળ થી અલગ આપ આત્માઓ રહો છો. હવે બાપની પાસે આવ્યાં છો - રાજયોગ શીખવા. બાપ તો સર્વેન્ટ (સેવક) છે. મોટાં વ્યક્તિ જ્યારે હસ્તાક્ષર કરે છે તો નીચે લખે છે - ઓબીડિયન્ટ સર્વેન્ટ (આજ્ઞાકારી સેવક)..... બાપ બધાં બાળકો નાં સર્વેન્ટ છે. કહે છે બાળકો હું તમારો સર્વેન્ટ છું. તમે કેટલી હુજ્જત થી બોલાવો છો કે ભગવાન આવો, આવીને અમને પતિતો ને પાવન બનાવો. પાવન હોય જ છે પાવન દુનિયામાં. આ સમજવાની વાતો છે. બાકી તો બધાં છે કનરસ. આ છે ગોડ ફાધરલી વર્લ્ડ યુનિવર્સિટી. મુખ્ય ઉદ્દેશ શું છે? મનુષ્ય થી દેવતા બનવાનું. બાળકોને આ નિશ્ચય છે કે અમારે આ બનવાનું છે. જેમને નિશ્ચય નહીં હોય તે સ્કૂલમાં બેસશે શું? નિશ્ચય હશે તો બેરિસ્ટર થી, સર્જન થી શીખશે. મુખ્ય ઉદ્દેશ ની જ ખબર નથી તો આવશે નહીં. આપ બાળકો સમજો છો અમે મનુષ્ય થી દેવતા, નર થી નારાયણ બનીએ છીએ. આ છે સાચ્ચી-સાચ્ચી નર થી નારાયણ બનવાની કથા. કથા કેમ કહેવાય છે? કારણ કે ૫ હજાર વર્ષ પહેલાં પણ

આ જ્ઞાન શીખ્યું હતું. તો પાસ્ટ ને (પહેલાં જે થયું તેને) કથા કહી દે છે, આ છે સાચ્ચી-સાચ્ચી શિક્ષા નર થી નારાયણ બનવાની. નવી દુનિયામાં દેવતાઓ, જૂની દુનિયામાં મનુષ્ય રહે છે. દેવતાઓમાં જે દૈવીગુણ છે, તે મનુષ્યો માં નથી. મનુષ્ય એમને દેવતા કહે છે અને ગાય છે આપ સર્વગુણ સંપન્ન, સોળે કળા સંપૂર્ણ, સમ્પૂર્ણ નિર્વિકારી છો. પોતાને કહે છે અમે પાપી, નીચ વિકારી છીએ. દેવતાઓ ક્યારે હતાં? જરુર કહેશે સતયુગ માં હતાં. એવું નહીં કહેશે કળિયુગ માં હતાં. આજકાલ મનુષ્યો ની તમોપ્રધાન બુદ્ધિ હોવાનાં કારણે બાપ નાં ટાઈટલ (નામ) પણ પોતાનાં ઉપર રાખી દે છે. હકીકતમાં શ્રેષ્ઠ બનાવવા વાળા શ્રી-શ્રી તો એક જ બાપ છે. શ્રેષ્ઠ દેવતાઓની મહિમા અલગ છે. હમણાં છે કળિયુગ. સંન્યાસીઓ માટે પણ બાબાએ સમજાવ્યું છે એક છે હદ નો સંન્યાસ, બીજો છે બેહદનો સંન્યાસ. તે લોકો કહે છે અમે ઘરબાર વગેરે બધું છોડ્યું છે. પરંતુ આજકાલ તો જુઓ લખપતિ બની બેઠા છે. સંન્યાસી એટલે સુખનો ત્યાગ કરવો. આપ બાળકો બેહદ નો સંન્યાસ કરો છો કારણ કે સમજો છો કે આ જૂની દુનિયા ખતમ થવાની છે, એટલે એનાંથી વૈરાગ છે. તે લોકો તો ઘરબાર છોડી પછી અંદર ઘુસી આવે છે. હમણાં પહાડીઓ વગેરે પર ગુફાઓમાં નથી રહેતાં. ઝૂંપડીઓ બનાવે છે, તો પણ કેટલો ખર્ચો કરે છે. હકીકતમાં ઝૂંપડીઓ પર કોઈ ખર્ચો થોડી લાગે છે. મોટાં-મોટાં મહેલ બનાવીને રહે છે. આજકાલ તો બધાં તમોપ્રધાન છે. હમણાં છે જ કળિયુગ. સતયુગી દેવતાઓનાં ચિત્ર ન હોત તો સ્વર્ગનું નામનિશાન ગુમ થઈ જાત. તમને સમજાવાય છે હવે મનુષ્ય થી દેવતા બનવાનું છે. અડધોકલ્પ ભક્તિમાર્ગ ની કથાઓ છે. સાંભળીને સીડી નીચે ઉતરતા આવ્યાં છો પછી ૫ હજાર વર્ષ પછી એક્યુરેટ (બરાબર) એ જ ડ્રામા રિપીટ (પુનરાવર્તિત) થશે. બાબાએ સમજાવ્યું પણ છે, કોઈને એવું કહેતાં નહીં કે ભક્તિ ને છોડો. જ્ઞાન આવી જાય છે તો પછી જાતેજ ભક્તિ છૂટી જશે. સમજે છે અમે આત્મા છીએ. હવે બેહદ નાં બાપ પાસે થી આપણે વારસો લેવાનો છે. પહેલાં બેહદ નાં બાપ ની ઓળખ જોઈએ. એ નિશ્ચય થઈ ગયો તો પછી હદનાં બાપ માંથી બુદ્ધિ નીકળી જાય છે. ગૃહસ્થ વ્યવહારમાં રહેતા બુદ્ધિનો યોગ બાપ સાથે લાગી જશે. બાપ સ્વયં કહે છે શરીર નિર્વાહ અર્થ કર્મ કરતા બુદ્ધિમાં યાદ રહે એક બાપની. દેહધારીઓની યાદ ન રહે. તે હોય છે શારીરિક યાત્રા. આ તમારી છે રુહાની યાત્રા, આમાં ધક્કા નથી ખાવાના. ભક્તિમાર્ગ છે જ રાત. ધક્કા ખાવા પડે છે. અહીં ધક્કાની વાત જ નથી. યાદ કરવા માટે કોઈ બેસતું નથી. ભક્તિ માર્ગમાં કૃષ્ણ નાં ભગત ચાલતાં-ફરતાં કૃષ્ણને યાદ નથી કરી શકતાં શું? દિલમાં તો એમની યાદ રહી જાય છે ને. એકવાર જે વસ્તુ જોવાય છે તે વસ્તુ યાદ રહે છે. તો તમે ઘરે બેઠા શિવબાબા ને યાદ નથી કરી શકતાં? આ છે નવી વાત. કૃષ્ણને યાદ કરવા, આ જૂની વાત થઈ ગઈ. શિવબાબા ને તો કોઈ જાણતું જ નથી કે એમનું નામ રુપ શું છે? સર્વવ્યાપી પણ શું છે! કોઈ બતાવે ને. આપ બાળકો જાણો છો આપણા આત્મા નાં બાપ પરમપિતા પરમાત્મા છે. આત્માને પરમાત્મા કહી ન શકાય. અંગ્રેજીમાં આત્માને સોલ કહેવાય છે. એક પણ મનુષ્ય નથી જે પારલૌકિક બાપને જાણતાં હોય. એ બાપ જ જ્ઞાન નાં સાગર છે, એમનામાં જ્ઞાન છે મનુષ્ય ને દેવતા બનાવવાનું. બાપ કહે છે રોજ-રોજ, ગુહ્ય-ગુહ્ય વાતો સંભળાવું છું. મુખ્ય વાત છે યાદ ની. યાદ જ ભૂલાઈ જાય છે. બાબા રોજ કહે છે પોતાને આત્મા સમજી બાપને યાદ કરો. હું આત્મા બિંદુ છું. કહે પણ છે ચમકે છે અજબ સિતારો. આત્મા શરીર થી નીકળે છે તો આ આંખો થી દેખાતો નથી. કહેવાય છે આત્મા નીકળી ગયો. જઈને બીજા શરીરમાં પ્રવેશ કર્યો. તમે જાણો છો આપણે આત્મા કેવી રીતે પુનર્જન્મ લેતા-લેતા હમણાં અપવિત્ર બન્યાં છીએ. પહેલાં આપણે આત્મા પવિત્ર હતાં, તમારો ગૃહસ્થ ધર્મ પવિત્ર હતો. હવે બંને અપવિત્ર બન્યાં છે. જ્યારે બંને પવિત્ર છે, તો એમની પૂજા કરે છે. તમે પવિત્ર છો, અમે અપવિત્ર છીએ. એ બંને પવિત્ર, અહીં બંને અપવિત્ર. તો શું પહેલાં પવિત્ર હતાં પછી અપવિત્ર બન્યાં કે અપવિત્ર જ જન્મ લીધો? બાપ બેસી સમજાવે છે પહેલાં આપ આત્માઓ પોતેજ પવિત્ર પૂજ્ય હતાં. પછી પોતેજ પુજારી અપવિત્ર બન્યાં છો. ૮૪ જન્મ લીધાં છે. આખા વર્લ્ડ ની હિસ્ટ્રી-જોગ્રોફી તમે જાણો છો. કોણ-કોણ રાજ્ય કરતા હતાં, કેવી રીતે રાજ્ય મળ્યું. આ હિસ્ટ્રી પણ તમે જાણો છો બીજું કોઈ નથી જાણતું. તમે પણ હમણાં જાણો છો, આગળ નહોતા જાણતાં, પથ્થરબુદ્ધિ હતાં. રચતા અને રચના નાં આદિ મધ્ય અંતનું જ્ઞાન નહોતું, નાસ્તિક હતાં. હમણાં આસ્તિક બનવાથી તમે કેટલાં સુખી બની જાવ છો. તમે અહીં આવ્યાં જ છો આ દેવતા બનવા માટે. આ સમયે ખૂબ મીઠાં બનવાનું છે. તમે એક બાપનાં સંતાન ભાઈ-બહેન થયાં ને. ક્રિમિનલ દૃષ્ટિ જઈ ન શકે. આ સમયે મહેનત કરવી પડે છે. આંખો જ સૌથી વધારે ક્રિમિનલ હોય છે. અડધોકલ્પ ક્રિમિનલ રહે છે, અડધોકલ્પ સિવિલ રહે છે. સતયુગ માં દેવતાઓની આંખો સિવિલ હોય છે, અહીં ક્રિમિનલ હોય છે. આનાં પર સૂરદાસ ની કથા બેસી સંભળાવે છે. બાપ કહે છે મારે આવવું જ પડે છે પતિત દુનિયા, પતિત શરીર માં. જે પતિત બને છે એને જ પાવન બનાવવાનાં છે.

તમે જાણો છો કૃષ્ણ અને રાધા બંને અલગ-અલગ રાજાઈ નાં હતાં. પ્રિન્સ-પ્રિન્સેઝ (રાજકુમાર-રાજકુમારી) હતાં. પાછળ સ્વયંવર પછી લક્ષ્મી-નારાયણ બને છે તો પછી એમની રાજધાની ગવાય છે. સંવત પણ એમનાં થી કહેવાય છે. સતયુગની આયુ જ લાખો વર્ષ કહી દે છે. બાપ કહે છે ૧૨૫૦ વર્ષ. રાત-દિવસ નો ફરક થઈ ગયો. રાત બ્રહ્મા ની અડધોકલ્પ પછી દિવસ બ્રહ્મા નો અડધોકલ્પ. જ્ઞાન થી છે સુખ, ભક્તિથી છે દુઃખ. આ બધી વાતો બાપ બેસી સમજાવે છે. છતાં પણ કહે છે મીઠાં બાળકો પોતાને આત્મા સમજો. સ્વધર્મમાં ટકો (રહો), બાપને યાદ કરો. એ જ પતિત-પાવન છે. યાદ કરતા-કરતા તમે પાવન બની જશો. અંત મતિ સો ગતિ. બાપ સ્વર્ગ નાં રચયિતા છે ને. તો યાદ અપાવે છે તમે સ્વર્ગ નાં માલિક હતાં. હમણાં પતિત છો એટલે ત્યાં જવા લાયક નથી, એટલે પાવન બનો. મારે એક જ વાર આવવું પડે છે. એક ગોડ છે. એક જ દુનિયા છે. મનુષ્યો ની તો અનેક મતો, અનેક વાતો છે, જેટલી જીભ એટલી વાતો. અહીં છે જ એક મત, અદ્વૈત મત. ઝાડમાં જુઓ કેટલાં મત-મતાંતર છે. ઝાડ કેટલું મોટું થઈ ગયું છે. ત્યાં એક મત એક રાજ્ય હતું. તમે જાણો છો અમે જ વિશ્વનાં માલિક હતાં. ભારત કેટલું સાહૂકાર હતું. ત્યાં અકાળે મૃત્યુ ક્યારેય થતું નથી. અહીં તો જુઓ બેઠા-બેઠા આ ગયાં. ચારેય તરફ થી મોત છે. ત્યાં તમારું આયુષ્ય લાંબુ હતું. હમણાં તમે ઈશ્વર સાથે યોગ લગાવી મનુષ્ય થી દેવતા બની રહ્યાં છો. તો તમે થયાં યોગેશ્વર, યોગેશ્વરી પછી બનશો રાજ રાજેશ્વરી, હમણાં છો જ્ઞાન જ્ઞાનેશ્વરી. પછી રાજ રાજેશ્વરી કેવી રીતે બન્યાં? ઈશ્વરે બનાવ્યાં. હમણાં તમે જાણો છો આમને રાજયોગ કોણે શીખવાડ્યો? ઈશ્વરે. ત્યાં એમની ૨૧ પેઢી રાજાઈ ચાલે છે. તેઓ તો એક જન્મમાં દાન-પુણ્ય કરવાથી રાજા બને છે. મરી ગયાં તો ખલાસ. અકાળે મૃત્યુ તો બધાનું આવતું રહે છે. સતયુગમાં આ લૉ (કાયદો) નથી. ત્યાં એવું નહીં કહેશે કે કાળ ખાઈ ગયો. એક ખાલ છોડી બીજી લઈ લે છે. જેમ સાપ ખાલ બદલે છે. ત્યાં સદૈવ ખુશી જ ખુશી રહે છે. જરા પણ દુઃખની વાત નથી. તમે સુખધામ નાં માલિક બનવા માટે હમણાં પુરુષાર્થ કરી રહ્યાં છો. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદાનાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપનાં રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. આ જુની દુનિયાથી બેહદનો સંન્યાસ કરવાનો છે. શરીર નિર્વાહ અર્થ કર્મ કરતા રુહાની યાત્રા પર રહેવાનું છે.
2. પુરુષાર્થ કરી આંખો ને સિવિલ જરુર બનાવવાની છે. મુખ્ય ઉદ્દેશ બુદ્ધિમાં રાખી ખૂબ-ખૂબ મીઠાં બનવાનું છે.

વરદાન :- દરેક કદમ માં પદમોની કમાણી જમા કરવા વાળા સમજદાર જ્ઞાની તૂ આત્મા ભવ

સમજદાર જ્ઞાની તૂ આત્મા તે છે જે પહેલાં વિચારે છે પછી કરે છે. જેવી રીતે મોટા વ્યક્તિ પહેલાં ભોજન ને ચેક કરાવે છે પછી ખાય છે. તો આ સંકલ્પ બુદ્ધિનું ભોજન છે એને પહેલાં ચેક કરો પછી કર્મ માં લાવો. સંકલ્પ ને ચેક કરી લેવાથી વાણી અને કર્મ સ્વતઃ સમર્થ થઈ જશે. અને જ્યાં સમર્થ છે ત્યાં કમાણી છે. તો સમર્થ બની દરેક કદમ અર્થાત્ સંકલ્પ, બોલ અને કર્મમાં પદમો ની કમાણી જમા કરો, આ જ જ્ઞાની તૂ આત્માનાં લક્ષણ છે.

સ્લોગન :- બાપ અને સર્વની દુવાઓનાં વિમાનમાં ઉડવા વાળા જ ઉડતા યોગી છે.